


# એ સહી કોની?

પરમાત્મા પોતાનું દિવ્ય રૂપ બદલીને પોતાના ભકતને મદદ કરવા આવે જ છે એવાં અનેક ઉદાહરણો આપણી સ્મૃતિમાં સંગ્રહાયેલાં છે. ભકત કવિ નરસિંહ મહેતાનાં તમામ સાંસારિક કાર્યો પૂરાં કર્યાં, જયારે નરસિંહ મહેતા તેમના ભજન સ્મરણમાં સતત રત રહ્યા અને પોતાનાં સાંસારિક કાર્યો કરવાનાં છે તે તેઓ તદ્દન વિસરી ગયા અને પરમાત્માએ આવવું પડયું.

એ જ રીતે મીરાં જીવનભર કૃષ્ણમય રહી અને તેને અપાયેલો ઝેરનો પ્યાલો તેને મારી ન શકયો. સૌના સાનંદાશ્ચર્ય વચ્ચે મીરાં સાક્ષાત્ સદેહે જીવિત રહી. આવાં તો અનેક ઉદાહરણો સનાતન ધર્મમાંથી આપણને મળે છે. એમાં ઊંડા ઊતરી સહેજ ચિંતન કરતાં ઈશ્વરની અસીમ અને અનંત શકિત અસ્તિત્વને ઝંકૃત કરી દે છે અને એના અગોચર-અગમ્ય પ્રદેશમાં ખેંચી જાય છે. અત્રે એવા જ એક અન્ય પ્રસંગની રજૂઆત કરવી છે.

ગામના પાદરે હનુમાનનું એક મંદિર હતું. ગામના એક રેલવે કર્મચારી દરરોજ નિત્ય હનુમાનની પૂજા કરતા અને તેના સ્મરણમાં લીન થઈ જતા. તેમને સમયનું કોઈ સ્મરણ ન રહેતું. સ્વજનો તેમને જગાડતા ત્યારે તેઓ આ લૌકિક જગતમાં પાછા ફરતા. મંદિરેથી જ પોતાની ફરજ પર ચાલ્યા જતા. એક વાર એવું બન્યું કે તેઓ ત્રણ-ચાર દિવસ સુધી હનુમાનના સ્મરણ -પૂજામાં સતત વ્યસ્ત રહ્યા. તેમને સમયનું કોઈ ભાન ન રહ્યું. સ્વજનોએ તેમની આ હકીકતને રાબેતા મુજબની સ્વીકારી લીધી હતી એટલે તેઓ પણ તેમની પાસે ન ગયા.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

ત્રણ-ચાર દિવસ પછી તેઓ સ્મરણમાંથી જાગ્યા અને તેમને તેમની રેલવેની ફરજ યાદ આવી. તેઓએ તેમની ફરજ પ્રત્યેની બેદરકારી સ્વીકારી લીધી અને પોતાની ફરજના સ્થાને પહોંચી ગયા. તેમણે તેમના અધિકારીને પોતાનું રાજીનામું લખી આપ્યું અને જણાવ્યું કે મેં મારી ફરજમાં બેદરકારી દાખવી છે. આ બેદરકારી બદલ હું દિલગીર છું અને મારી ફરજમાંથી આ રાજીનામું આપું છું તેનો આપ સ્વીકાર કરો.

તેમના અધિકારી ચોંકી ઊઠયા. તેમણે તેમને કહ્યું,“ભાઈ, તમે કેવી વાત કરો છો? તમે કોઈ જ બેદરકારી દાખવી નથી. તમે નિયમિત હાજરી આપીને તમારી ફરજ બજાવી છે”. કર્મચારીએ અધિકારીને કહ્યું: “છેલ્લા ત્રણ-ચાર દિવસથી હું આવ્યો જ નથી. હું મારી ફરજ ચૂકયો છું. હું મારી જાતને ક્ષમા નથી કરી શકતો. આવી બેદરકારીથી હું નોકરી કરવાને લાયક નથી રહ્યો. મારું રાજીનામું આપ સ્વીકારો.”

અધિકારીએ હાજરીપત્રક કાઢયું અને તેમાં તેમની તેમના જ હસ્તાક્ષરમાં કરેલી સહી બતાવી. કર્મચારીએ પણ હાજરીપત્રકમાં પોતાના જ હસ્તાક્ષરવાળી સહી જોઈ. ચોંકી ઊઠયા. તેમને પ્રતીતિ થઈ ગઈ કે પવનપુત્ર હનુમાન જ મારી જગ્યાએ આવી મારી ફરજ બજાવી ગયા. તેમણે પોતાના અધિકારીને પણ સત્ય હકીકત જણાવી. અધિકારી પણ તે કર્મચારી અને હનુમાનને વંદી રહ્યા.

કર્મચારીએ પણ હાજરીપત્રકમાં પોતાના જ હસ્તાક્ષરવાળી સહી જોઇ. ચોંકી ઊઠયા. તેમને પ્રતીતિ થઇ ગઇ કે પવનપુત્ર હનુમાન જ મારી જગ્યાએ આવી મારી ફરજ બજાવી ગયા. તેમણે પોતાના અધિકારીને પણ સત્ય હકીકત જણાવી

અહીં કોઈ પણ વ્યક્તિ એવું અર્થઘટન ન કરે કે આપણે બેદરકાર રહીશું તોય ઈશ્વર આપણી જગાએ આપણી નોકરી કરવા આવશે. ના, ના, ના, જરા પણ નહીં. આવા પ્રસંગોની પાછળ ભકતની અનન્ય શરણાગતિ, અવિરત સ્મરણ, સ્વ અને સમયના વિસ્મરણની ક્ષણો પ્રભુ સુધી પહોંચે છે જે વિસ્મરણ નરસિંહે સાધ્યું. મીરાંએ સાધ્યું. આ રેલવે કર્મચારીએ સાધ્યું એવું વિસ્મરણ પ્રભુને અનંત અવકાશમાંથી ભૌતિક જગતમાં લઈ આવે છ રૂપ બદલીને અથવા પોતાના ભકતનું આમ રૂપ ધરીને. આ અને આવાં અનેક ઉદાહરણો આપણને અતૂટ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, સ્મરણના સાતત્યનો સંદેશ આપે છે. આપણે એ સાતત્યને આત્મસાત કરીને માધવના મલ્હારમાં ભીંજાઈએ, ભીંજાતાં જ રહીએ. જેઓ ઈશ્વરની દિવ્ય ચેતનાનો સ્વીકાર નથી કરતા તેઓ પણ ઈશ્વરના અસ્તિત્વનો સૌ પ્રથમ સ્વીકાર કરે, સ્મરણ કરે, સાતત્ય કેળવે તો માધવ મલ્હાર બની વરસશે જ એ નિશ્ચિત છે. વળી હનુમાન તો ચિંરજીવ છે. આથી તેની ઉપાસના ઉપાસકને બળ અને બુદ્ધિ આપી પવનવેગે ભકતને સહાય કરે જ છે એ નિઃશંક છે.

# ભગવાનના અવતારો

ભગવાનના અવતારો જાણીતા છે અને તે દરેક અવતારનું પોતાનું આગવું મહત્ત્વ છે, તે પાછળ અવતાર રહસ્ય પણ હોય છે. દરેક અવતાર એક વિશિષ્ટ પ્રતિકરુપ હોય છે તે જાણવું જરૂરી છે જેથી તેની લીલાઓ પાછળ રહેલ મર્મ સમજી શકાય.

સનત કુમારોએ બ્રહ્મચર્યનું પ્રતીક છે. કેમ કે બ્રહ્મચર્ય વગર મન સ્થિર નહીં થાય. બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પવિત્ર થાય છે. અંતઃકરણ શુદ્ધ થાય છે એટલે પહેલું પગથિયું બ્રહ્મચર્ય. સનકાદિક નામથી જાણીતા ચારેય કુમારો સનક (પુરાતન), સનંદન (હર્ષિત), સનાતન (જીવંત) તથા સનત (ચિર તરુણ)ના નામમાં ‘સન’ શબ્દ છે, તે સિવાય ચાર અલગ પ્રત્યયો છે. બુદ્ધિને અહંકારથી મુક્ત કરવાનો ઉપાય સનકાદિમાં છે. માત્ર ચૈતન્ય જ શાશ્વત છે. ચૈતન્ય મનુષ્યના શરીરમાં ચાર અવસ્થા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ તથા તુરીય કે પ્રાજ્ઞમાં રહેલું છે જે કારણે મનુષ્ય દેહ ચૈતન્ય રહે છે. આ ચારેય અવસ્થાઓમાં રહેવાને કારણે ચૈતન્ય મનુષ્યને સનક, સનંદન, સનાતન તથા સનતથી સંકેતિક કરવામાં આવે છે. આ ચારેય કુમાર કોઈપણ પ્રકારની અશુદ્ધિથી રહિત છે. પરિણામે તેમને દિગંબર વૃત્તિવાળા- જે નિત્ય નૂતન અને એક સમાન રહે છે ‘કુમાર’ કહેવામાં આવે છે.



સનત કુમારો એ બ્રહ્મચર્યનું પ્રતીક છે. કેમ કે બ્રહ્મચર્ય વગર મન સ્થિર નહીં થાય. બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પવિત્ર થાય છે. અંતઃકરણ શુદ્ધ થાય છે એટલે પહેલું પગથિયું બ્રહ્મચર્ય. સનકાદિક નામથી જાણીતા ચારેય કુમારો સનક (પુરાતન), સનંદન (હર્ષિત), સનાતન (જીવંત) તથા સનત (ચિર તરુણ)ના નામમાં ‘સન’ શબ્દ છે, તે સિવાય ચાર અલગ પ્રત્યયો છે. બુદ્ધિને અહંકારથી મુક્ત કરવાનો ઉપાય સનકાદિમાં છે. માત્ર ચૈતન્ય જ શાશ્વત છે. ચૈતન્ય મનુષ્યના શરીરમાં ચાર અવસ્થા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ તથા તુરીય કે પ્રાજ્ઞમાં રહેલું છે જે કારણે મનુષ્ય દેહ ચૈતન્ય રહે છે

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

તત્વજ્ઞાનથી યુક્ત, યોગમાં નિપુણ, સહુને એક સમાન દૃષ્ટિથી જોનાર તથા સમાજનાર, બ્રહ્મચર્યના પાલનને કારણે તેને બ્રાહ્મણ (બ્રહ્મા-નંદ) માં તલ્લીન કહેવાય છે. (2) વરાહ અવતાર-એટલે શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. વરાહ અવતાર સંતોષનું પ્રતીક છે. લોભને મારીને પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનો. (3) નારદજી ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્યનું પાલન અને જે કંઈ સ્થિતિ છે તેમાં સંતોષ માને એને નારદ એટલે ભક્તિ મળે. (4)નર-નારાયણનો અવતાર- ભક્તિ મળે તો તેને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે પરંતુ જ્ઞાન વૈરાગ્ય વગર ભક્તિ દૃઢ થતી નથી. (5) કપિલનો અવતાર- જ્ઞાન વૈરાગ્યનો અવતાર ગણાય. વૈરાગ્યને જીવનમાં ઉતારો. (6) દત્તાત્રેયનો અવતાર- બ્રહ્મચર્ય, સંતોષ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તમારામાં હોય તો ગુણાતીત બનશો ત્યારે આપ અત્રિ બનશો તો ભગવાન આપને ત્યાં પધારશે. આ બધા બ્રાહ્મણો માટે અવતાર છે. (7) યજ્ઞ ભગવાનનો, (8) ઋષભદેવનો, (9) પૃથુરાજાનો, (10) મત્સ્ય અવતાર આ ચાર ક્ષત્રિયો માટે છે. (11) કૂર્મનો, (12) ધનવંતરીનો, (13) મોહિનીનો આ ત્રણ અવતાર વૈશ્યો માટે છે. (14) નરસિંહનો પુષ્ટિ અવતાર. પ્રહલાદ જેવી દૃષ્ટિથી જોઈએ તો સ્તંભમાં પણ ભગવાનના દર્શન થાય. (15) વામન ભગવાન પૂર્ણ નિષ્કામ અવતાર જેના માથે ભક્તિનું, નીતિનું છત્ર છે, જેણે ધર્મનું કવચ પહેર્યું છે તેને ભગવાન પણ બલિ રાજાની જેમ નહીં મારી શકે. (16) પરશુરામનો અવતાર- આવેશ અવતાર ગણાય છે. (17) વ્યાસ નારાયણનો જ્ઞાના અવતાર.(18) રામનો મર્યાદા અવતાર. રામની જેમ મર્યાદાનું પાલન કરવાથી કૃષ્ણ મળે.(19) બલરામ અવતાર (20) કૃષ્ણાવતાર- રામ અને કૃષ્ણ એક જ છે. મનુષ્ય દિવસે બાર વાગ્યે ભૂખને કારણે ભાન ભૂલે છે, બેચેન બને છે. રાત્રે આરામના સમયે કામસુખ યાદ આવે છે એટલે સવારે રામ અને સાંજે કૃષ્ણનું સ્મરણ કરવું. (21) હરિ અવતાર (22) હયગ્રીવ અવતાર (23) બુદ્ધાવતાર (24) હંસાવતાર (પણ કેટલાક વિદ્વાનો માને છે). (24)મો કલ્કી અવતાર હજુ બાકી છે.

‘ઈદં ન મમ’.